# નાગરિકોને ગ્લોબલ સ્તરની આધુનિક સુવિધાઓ સ્થાનિક સ્તરે મળી રહે તેમ સંકલન સાધીને કામ કરવા મંત્રી વાઘાણીની તાકીદ

## મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને ભાવનગર મહાપાલિકાના રૂ.૧,૮૫૦ કરોડના વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ, પૂર્વના ધારાસભ્ય, મેયર, કોર્પોરેટરો, કમિશનર સહિતની ઉપસ્થિતિ રહી

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરના સર્વાંગી વિકાસને નવી ગતિ આપવા અને પ્રજાલક્ષી પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવા ભાવનગરમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજ્યના કૃષિ મંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકા હસ્તકના અંદાજે રૂ.૧,૮૫૦ કરોડના વિવિધ મલ્ટી-ડાયમેન્શનલ વિકાસકામોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.



બેઠકમાં ભાવનગર શહેરના ભૌતિક અને સામાજિક આંતરમાળખાથી લઈને નાગરિકોની સુવિધા સુધીના તમામ પાસાઓ પર સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

જીતુભાઈ વાઘાણીએ મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અંગે પ્રગતિ અહેવાલ મેળવ્યો હતો. મંત્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે, જનતાના ટેક્સના નાણાંનો શ્રેષ્ઠ સદુપયોગ થાય અને ભાવનગરના નાગરિકોને ગ્લોબલ સ્તરની આધુનિક સુવિધાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બને તે માટે વહીવટી તંત્ર અને ચૂંટાયેલી પાંખે એક ટીમ તરીકે પરસ્પર સંકલન સાધીને કામ કરવાનું છે. આ સમીક્ષા બેઠકમાં વોટર વર્ક્સ વિભાગના અંદાજે રૂ. ૫૩૪ કરોડના કામો, ડ્રેનેજ વિભાગના અંદાજે રૂ. ૪૫૪ કરોડના કામો, બિલ્ડીંગ વિભાગના અંદાજે રૂ. ૪૪૦ કરોડના કામો, યોજના વિભાગના અંદાજે રૂ. ૨૭૨ કરોડના કામો તેમજ ગંગાજળિયા વેજીટેબલ માર્કેટ રિ-ડેવલપમેન્ટના અંદાજે રૂ. ૧૫૦ કરોડના કામોને મળી કુલ રૂ. ૧,૮૫૦ કરોડના વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

શહેરના દરેક નાગરિકને પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે વોટર વર્કસને સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરમાં નવા બનનારા એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વોયર - પાણીની ટાંકીઓ, આધુનિક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના તેમજ નવી ડી.આઈ. રાઈઝિંગ લાઈન નાખવા સહિતની વિવિધ જળ વિતરણ યોજનાઓની કામગીરી ઝડપથી આગળ વધારવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ભાવનગર શહેરના સુવ્યવસ્થિત સેનિટેશન અને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વોટર લોગિંગની સમસ્યાના કાયમી નિવારણ માટે શહેરના વિવિધ વિસ્તારોમાં નવી ડ્રેનેજ લાઈન તેમજ અત્યાધુનિક સ્ટોર્મ વોટર લાઈન નાખવાના પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. ભાવનગરના હાર્દ સમાન અને નાના વેપારીઓની આજીવિકાનું કેન્દ્ર એવી ઐતિહાસિક ગંગાજળિયા વેજીટેબલ માર્કેટના ભવ્ય રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. તમામ વિકાસકામો નિયત સમયમર્યાદામાં અને સહેજ પણ બાંધછોડ વિના ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થવા જોઈએ. પ્રોજેક્ટમાં કોઈપણ પ્રકારના બિનજરૂરી વિલંબના કારણે જનતાને હાલાકી ભોગવવી ન પડે તેની ખાસ તકેદારી રાખવા તેમણે જણાવ્યું હતું.આ સમીક્ષા બેઠકમાં ભાવનગરના મહાનગરપાલિકાના મેયર ઉષાબેન તલરેજા, ભાવનગર પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યા,, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિસાનભાઈ મહેતા, નવનિયુક્ત કોર્પોરેટરો, તેમજ કમિશનર નરેન્દ્રકુમાર મીના સહિત વિવિધ ટેકનિકલ અને વહીવટી વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તેરા તુજકો અર્પણ અંતર્ગત સાયબર ફ્રોડના નાણાં મોટા ખુંટવડા પોલીસે પરત અપાવ્યા




ભાવનગર,તા.૨૦

પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અંસારી તથા જિલ્લા પોલીસ આધિક્ષક નિતેશ પાંડેય, I/C નાયબ પોલીસ અધીક્ષક રીમા ઝાલા સાહેબ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત વધુને વધુ કામગીરી કરવા સુચના આપેલ.જે અન્વયે મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ આર.જે.યાદવની રાહબરી હેઠળ મોટા ખુંટવડાના અરજદાર સાથે સાયબર ક્રાઈમ હેઠળ ફ્રોડ થતા આ કામના અરજદારના પૈસા પોતાના ખાતામાંથી કપાઈ ગયેલ જે બાબતેની તપાસ અત્રેના પો.સ્ટે.માં મળતા આગળની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ અને આ કામના ફરીયાદી કોર્ટમાંથી રૂપિયા છોડાવવાનો હુકમ લઈને આવતા તેરા તુજકો અર્પણ અંતર્ગત મુળ માલીકની ખરાઈ કરી રૂ.૧૦,૯૫૬/- અરજદારના ખાતામાં મોટા ખુંટવડા પોલીસ દ્વારા પરત અપાવ્યા હતા.

# શ્રીકષ્ટભંજનદેવને ફૂલોનો દિવ્ય શણગાર, સુખડીનો અન્નકૂટ



શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે આજે તા.૨૦ને શનિવારે દાદાને દિવ્ય જરદોશી વર્કવાળા વાઘા અને ચાંદીનો મુગટ એવં મંદિરના ગર્ભગૃહને જૂઈ-ગુલાબના મિક્સ ફૂલોનો નયનરમ્ય અને કલાત્મક શણગારના દર્શન કરી હજારો ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે.મંદિરના ગર્ભગૃહમાં પુષ્પો ગુલાબી, જૂઈના સફેદ ફૂલો વડે શણગાર કરાયો હતો, સુખડીનો અન્નકૂટ ધરવાયો હતો. સવારે ૦૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા અને શણગાર આરતીઃ સવારે ૦૭ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાના આ નયનરમ્ય અને કલાત્મક સ્વરૂપના દર્શન કરી હજારો શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવી રહ્યા છે.

# મુખ્યમંત્રીનો રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સોમવારે

## શાળા પ્રવેશોત્સવના કારણે રાજ્ય સ્વાગતના આયોજનમાં ફેરફાર

ભાવનગર,તા.૨૦

રાજ્યના નાગરિકો-પ્રજાજનોની સમસ્યાઓ-રજુઆતોના ઓનલાઈન નિવારણનો દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતાં મુખ્યમંત્રીશ્રીનાં સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમનો જૂન-૨૦૨૬નો રાજ્ય સ્વાગત તા.૨૨ જૂન, સોમવારના દિવસે યોજાશે.રાજ્યમાં તા.૨૩થી ૨૫ જૂન દરમિયાન યોજાનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના અનુસંધાને જૂન-૨૦૨૬નો રાજ્ય સ્વાગત ગુરૂવારને બદલે તા.૨૨મી જૂન, સોમવારના રોજ યોજવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.આ રાજ્ય સ્વાગતમાં રજૂઆત કર્તાઓ તા. ૨૨/૦૬/૨૦૨૬ને સોમવારે સવારે ૮ વાગ્યા થી ૧૧ વાગ્યા સુધીમાં પોતાની રજૂઆતો મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ સ્વર્ણિમ સંકુલ-૨ ગાંધીનગર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને આપી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સોમવારે તા. ૨૨ જૂનના બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે તેમજ આવી રજૂઆતોના નિવારણ-ઉકેલ માટે તંત્રવાહકોનું માર્ગદર્શન કરશે.

# આરોગ્ય સેવાઓમાં ડિજિટલ ક્રાંતિઃ ભાવનગર બનશે આયુષ્માન ભારત ડિજિટલ મિશનનું મોડેલ

## આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત મોડેલ ડિસ્ટ્રિક્ટ ઈમ્પ્લીમેન્ટેશન વર્કશોપ યોજાયો

ભાવનગર,તા.૨૦

આરોગ્ય ક્ષેત્રે અત્યાધુનિક ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ અને દર્દીઓને વધુ સુદ્રઢ, ઝડપી તેમજ પારદર્શક આરોગ્ય સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી ભાવનગર ખાતે આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત મોડેલ ડિસ્ટ્રિક્ટ ઈમ્પ્લીમેન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ ભાવનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે.એમ. સોલંકીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆત આર.ડી.ડી. ભાવનગરના ડો. હરેશ વાળાના પ્રેરક ઉદ્બોધનથી કરવામાં આવી હતી. તેમણે ડિજિટલ હેલ્થના મહત્ત્વ પર પ્રકાશ




પાડતા જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લો આ મિશન દ્વારા રાજ્યમાં નવી રાહ ચીંધશે.

વર્કશોપમાં એ વાત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે ABDM મોડેલ ડિસ્ટ્રિક્ટ ઈનિશિએટિવ દ્વારા હવે દર્દીઓના આરોગ્યના રેકોર્ડ્સ સંપૂર્ણપણે ડિજિટલાઈઝ થશે. આ વ્યવસ્થાના કારણે દર્દીઓએ હવે એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ કે ફોલો-અપ માટે રિપોર્ટ્સ અને ફિઝિકલ ફાઈલો સાથે રાખવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. દર્દી પોતાના હેલ્થ રેકોર્ડ્સ ગમે ત્યાંથી ડિજિટલ સ્વરૂપે મેળવી શકશે. એટલું જ નહી, દર્દીની યોગ્ય સંમતિ સાથે ડોક્ટર પણ દર્દીનો ભૂતકાળનો મેડિકલ ઈતિહાસ જોઈ શકશે. જૂના રિપોર્ટ્સ અને મેડિકલ હિસ્ટ્રી હવે સુરક્ષિત રીતે આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA)માં સંગ્રહિત કરી શકાશે.

વર્કશોપમાં ઉપસ્થિત તજજ્ઞોએ ભાવનગરની સિદ્ધિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, અગાઉ યોજાયેલા ૧૦૦ માઈક્રોસાઈટ પાઈલટ પ્રોજેક્ટમાં ભાવનગરનું પ્રદર્શન અત્યંત શાનદાર રહ્યું છે. ડિજિટલ હેલ્થના મૂળ આધાર સમાન આભા કાર્ડ બનાવવામાં ભાવનગર જિલ્લો મોખરે છે, જ્યાં અંદાજે ૮૫ ટકા જેટલા આભા આઈડી જનરેટ કરવામાં આવ્યા છે.

# શિક્ષકોને ટેટ મુક્તિ માટે શૈક્ષિક સંઘ ભાવનગરના ધરણા અને આવેદનપત્ર



ભાવનગર,તા.૨૦

હાલમાં કાર્યરતર શિક્ષકોને TET (શિક્ષક પાત્રતા કસોટી)માં સન્માન પૂર્વક મુક્તિ મળે તે માટે ભારતના વડાપ્રધાનશ્રી તથા શિક્ષણમંત્રી સમક્ષ કેન્દ્ર સરકારની યથાયોગ્ય ભૂમિકા માટે આવશ્યક કદમની માંગણી માટે રજૂઆત કરતા વિષય સબબનું આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપતા પૂર્વે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ભાવનગરના નવ સંવર્ગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ધરણા કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા અને શહેરના શિક્ષક ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં મોતીબાગ મેદાનમાં એકત્ર થયેલ. ત્યારબાદ શિસ્તબધ્ધ રીતે રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને કલેકટરને આવેદન આપવામાં આવેલ.

ધરણા સ્થળેથી અ.ભા.રા.શૈ.મહાસંઘ, ભાવનગરના જવાબદાર પ્રતિનિધિઓ દ્વારા ભૂતકાળમાં શિક્ષક હિત માટે મહાસંઘ દ્વારા થયેલ આંદોલનો, ધરણાઓ તથા તેને આનુષંગિક શિક્ષક હિતની ન્યાય સંગત વિવિધ માંગણીઓના સફળ કાર્યક્રમોની માહિતી આપીને ટેટ પરીક્ષા સંદર્ભે પણ કેન્દ્ર સરકારની ભૂમિકા વડે શિક્ષક હિતમા યોગ્ય પરિણામ આવશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવેલ.એ નોંધનીય છે કે સર્વોચ્ચ અદાલતે મેં માસના એક ચુકાદામાં ટેટ પરિક્ષા સને ૨૦૧૦ પહેલાં દાખલ થયેલાં તમામ માટે ફરજિયાત કરી છે.

# તળાજાના જૂનાપાદર ખાતે પ્રાકૃતિક ખેતી મોડેલફાર્મની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

## વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક કૃષિ અંગે સમજણ વિક્સવવાના હેતુથી મુલાકાત યોજાઈ



ભાવનગર,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત ''વિકસિત ભારત સંકલ્પ સંમેલન'' અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને પ્રાકૃતિક ખોરાક અંગે જાગૃતિ ફેલાય તેમજ વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે રસ અને સમજણ વિકસે તે હેતુથી જેસર તાલુકાના જૂનાપાદર ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષક સ્ટાફ દ્વારા ગામના પ્રગતિશીલ ખેડૂત તખતસિંહ મૂળુભા ગોહિલના પ્રાકૃતિક ખેતી મોડેલની મુલાકાતલીધી હતી.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, રાસાયણિક મુક્ત ખેતીના ફાયદાઓ, પ્રાકૃતિક ખોરાકનું મહત્વ તેમજ પર્યાવરણ અને માનવ આરોગ્ય પર તેની સકારાત્મક અસર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતીના વિવિધ પ્રયોગો અને મોડેલનું નિરીક્ષણ કરી રસપૂર્વક જાણકારી મેળવી હતી.આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટના અધિકારી તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો, દેશી ગાય આધારિત ખેતી, જીવામૃત, ઘનજીવામૃત અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# ભાવનગર ખાતે ત્રીશક્તિ આર્ટ આયોજિત પ્રદર્શન ખુલ્લુ મુકાયું





ભાવનગર,તા.૨૦

ભાવનગરના સરદારનગર ખાતે આવેલી ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરીમાં ત્રિ શક્તિ આર્ટ આયોજિત ભારતભરના ૭૫ જેટલા ચિત્ર અને ફોટોગ્રાફરનો પ્રદર્શન ખુલ્લું મુકાયું.આ પ્રદર્શન ભાવનગરના મેયર ઉષાબેન તલરેજાના હસ્તે ખુલ્લુ મુકાયું આ પ્રસંગે અમુલ પરમાર, હિમાચલ મહેતા, જાદુગર મંગલ ,જાદુગર યુવરાજ, તેમજ અજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા, આ પ્રસંગે મેયરએ ત્રીશક્તિના આયોજક પ્રિયાબા જાડેજા તેમજ નમ્રતાબા ગોહિલને બિરદાવ્યા હતા કાર્યક્રમનું સંચાલન સ્નેહલ ત્રિવેદીએ કર્યું હતું આ પ્રદર્શન તા૨૧ સુધી રોજ સવારે ૧૦થી ૮ સુધી ખુલ્લું રહેશે.

# ઈતિહાસના સોનેરી પાને 'સંવેદના સોસાયટી'ના ચમકતા રંગો

# દિવ્યાંગોના સશક્તિકરણ માટે બોટાદમાં મળી સંકલન બેઠક

બોટાદ,તા.૨૦

આઝાદીકાળના ઈતિહાસમાં જ્યારે કોઈ સ્વૈચ્છિક સંસ્થાના વિચારને સરકારી તંત્ર એક જન-આંદોલનની જેમ ઉપાડી લે, ત્યારે ઈતિહાસ સર્જાય છે. આવી જ એક અભૂતપૂર્વ અને હૃદયસ્પર્શી ઘટનાના સાક્ષી આજે બોટાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલી સંકલન બેઠકમાં ઉપસ્થિત સૌ કોઈ બન્યા હતા.

વિકલાંગ અને દિવ્યાંગ વ્યક્તિઓના જીવનમાં ઉજાસ પાથરવાના ઉમદા આશય સાથે શરૂ થયેલી 'સંવેદના સોસાયટી'નો વ્યાપ વધારવા માટે



બોટાદના કલેકટર હર્ષદ વોરા, ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા તથા ઉચ્ચ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં એક ઉચ્ચ સ્તરીય સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના જનરલ સેક્રેટરી લાભુભાઈ સોનાણીએ જીલ્લાના તમામ અધિકારીઓની હાજરીમાં 'સંવેદના સોસાયટી'નો હેતુ અને આગામી સમયમાં યોજાનાર 'સંવેદના પર્વ'ની સવિસ્તૃત વિગતો આપી હતી.

આ ભગીરથ કાર્યની શરૂઆત અગાઉ તારીખ ૨૦/૧૨/૨૦૨૫ના રોજ ભાવનગર કલેકટર કચેરી ખાતે મળી સંકલન બેઠકમાં થઈ હતી. જ્યાં શ્રી લાભુભાઈ સોનાણીએ રજૂ કરેલા આ નૂતન મુસદ્દાને તત્કાલીન કલેકટર ડૉ. મનીષકુમાર બંસલ અને અધિકારીઓએ હર્ષનાદ સાથે વધાવી લીધો હતો.

ડી.ઈ.ઓ., ડી.પી.ઈ.ઓ. અને યુનિવર્સિટીના રજિસ્ટ્રારની ત્વરિત કામગીરીના પરિણામે આજે ભાવનગરની ૧૬૦૦ જેટલી શાળા-કોલેજો આ અભિયાન સાથે જોડાઈ ચૂકી છે. આ જ ગતિને આગળ ધપાવવા માટે આજે બોટાદની ૨૦૦ નવી શાળા-કોલેજોને પણ આ ઓનલાઈન પોર્ટલ અને માળખાકીય ફોરમ સાથે જોડવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણિયા આયોજિત દિવ્યાંગ સાધન સહાય કાર્યક્રમમાં રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ આ ભગીરથ વિચારને રાજ્યવ્યાપી બનાવવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે.

શિક્ષણ અને પુનઃસ્થાપનઃ દિવ્યાંગ બાળકોને ઘરઆંગણે જ શિક્ષણ, વિશિષ્ટ તાલીમ અને સન્માનજનક પુનઃસ્થાપન પૂરું પાડવું.,સામાજિક રક્ષણઃ પારિવારિક તેમજ સામાજિક મુશ્કેલીઓમાં ન્યાયિક અને લાગણીસભર મદદ પૂરી પાડવી, સરકારી યોજનાઓનો લાભઃ સરકારની તમામ મળવાપાત્ર સવલતો અને સહાય દિવ્યાંગો સુધી સરળતાથી પહોંચાડવી, શોધ અને સર્વેક્ષણઃ શિક્ષણથી વંચિત રહી ગયેલા વિશેષ બાળકોનો સર્વે કરી તેમને શાળા સુધી લાવવા, શૈક્ષણિક સવલતોઃ અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે લહિયા (Scribes) કે અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

જનજાગૃતિઃ નેશનલ ફ્લેગ-ડેની ઉજવણી દ્વારા ફંડ એકત્રીકરણ અને સમાજમાં દિવ્યાંગો પ્રત્યે સંવેદનશીલતા જગાવવી.

વિદ્યાર્થીઓમાં કરુણા અને ભાગીદારીની ભાવના ખીલે તે માટે ૧૫ માર્ચ ૨૦૨૬થી ૧૫ માર્ચ ૨૦૨૭ સુધી સમગ્ર વર્ષ દરમિયાન 'સંવેદના પર્વ'ની ઉજવણી થઈ રહી છે. શાળા-કોલેજ કક્ષાએ ચાર મુખ્ય સ્પર્ધાઓ યોજાશે જેમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય અને ચિત્ર સ્પર્ધાનો સમાવેશ થશે.

# સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સની ૮૩મી સાધારણ સભા યોજાશે

ભાવનગર,તા.૨૦

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તેના ગૌરવવંતા ૮૨ વર્ષ પૂર્ણ કરી ૮૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વાર્ષિક સાધારણ સભાનું તા.૨૧.૦૬.૨૦૨૬ ને રવિવારનાં રોજ સવારે ૯:૩૦ કલાકે ચેમ્બર સભાગૃહ (૩૧૫, સાગર કોમ્પ્લેક્ષ, જશોનાથ સર્કલ, ભાવનગર) ખાતે યોજવામાં આવશે. આ વાર્ષિક સાધારણ સભામાં નવ-નિયુક્ત પ્રમુખ તેજસભાઈ શેઠ અને ઉપ-પ્રમુખ અશોકભાઈ કોટડીયા પદગ્રહણ કરશે. આ વાર્ષિક સાધારણ સભામાં ચેમ્બરનાં દરેક સભ્યોને ખાસ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# સિહોરના ટાણા ગામે વાડામાંથી ઈંગ્લીશ દારૂના ૪૮ ચપટા સાથે બે શખ્સો ઝબ્બે

## પોલીસના દરોડા દરમિયાન રૂા. ૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના ટાણા ગામમાંથી ઈંગ્લશ દારૂનો જથ્થો વેચાણ અર્થે છુપાવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બે ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે બાવળની ઝાડીમાંથી ઈંગ્લીશ દારૂની નાની બોટલો (ચપટા) કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ.ગઢવીની સૂચનાથી સ્ટાફ ટાણા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે ભવાની ચોકમાં રહેતો ભયલુભા સરવૈયા પોતાના મકાનની સામે આવેલા વાડામાં વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે. પોલીસે પંચોને સાથે રાખીને સાંજે મકાન પર રેઈડ કરી હતી. ત્યાં હાજર ભયલુભા ચંદુભા સરવૈયા ઉ.વ.૩૨ અને વિરમદેવસિંહ ચંદુભા ગોહિલ ઉ.વ.૫૦ની હાજરીમાં તપાસ કરતા વાડામાં બાવળના થડ પાસેથી કાળા રંગનો થેલો મળી આવ્યો હતો.આ થેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૧૮૦ એમ.એલ.ના કંપની સીલપેક પ્લાસ્ટિકના ચપટા નંગ-૪૮ મળી આવ્યા હતા. પોલીસે રૂા. ૫,૬૦૦ની કિંમતનો આ દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો અને બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલીતાણાના રંડોળા ગામે બાવળની ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે રંડોળા ગામે પાણીના ટાંકા પાસે આવેલી બાવળની ઝાડીમાં ચાલતા જુગારધામ પર સફળ દરોડો પાડ્યો છે. પોલીસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસ સ્ટાફ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જે.જી.ભંડારીને બાતમી મળી હતી કે રંડોળા ગામના ટાંકા વિસ્તારમાં બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે પંચોને સાથે રાખી બપોરે ૧૨:૪૫ વાગ્યે રેઈડ કરતા ગોળ કુંડાળું વળીને જુગાર રમતા ત્રણ શખ્સોને કોર્ડન કરી ઝડપી લીધા હતા.પકડાયેલા આરોપીઓમાં અરવિંદભાઈ વેલજીભાઈ ચૌહાણ, દીપકભાઈ વિજયભાઈ સરવૈયા અને ગોપાલભાઈ વિઠ્ઠલભાઈ ચાવડા (તમામ રહે. રંડોળા) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓની અંગજડતી અને જુગારના પટમાંથી કુલ મળીને રૂા. ૧,૯૧૦ની રોકડ રકમ તથા ગંજીપાના કબ્જે કર્યા છે. તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભાવનગર LIC ઓફિસની અગાસીમાંથી ACની કોપર પાઈપ ચોરતી ગેંગ ઝડપાઈ

## ગંગાજળીયા પોલીસે સીસીટીવી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી બે શખ્સોને ૩૮,૫૦૦ના મુદ્દામાલ સાથે દબોચ્યા




ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં ચોરીના અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારી, એસ.પી. ડો. નિતેષ પાંડેય અને ડીવાય. એસ.પી. આર.આર.સિંઘાલ દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓ અન્વયે ગંગાજળીયા પોલીસ ટીમને એક મોટી સફળતા મળી છે.

ગંગાજળીયા તળાવ પાસે આવેલી એલ. આઈ.સી.ઓફિસની અગાસીમાંથી એસીના આઉટડોર યુનિટની કોપર પાઈપ ચોરનાર બે આરોપીઓને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા છે.

ઘટનાની વિગત મુજબ, ગત તા. ૧૨ થી ૧૫/૦૬ દરમિયાન એલ.આઈ.સી. ઓફિસની ખુલ્લી અગાસીમાં રાખેલા એસીના આઉટડોરમાંથી આશરે ૧૧૦ ફૂટ લાંબી કોપર પાઈપ (કિંમત રૂ. ૩૮,૫૦૦/-) કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયા હતા. આ અંગે ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પી.આઈ. આર.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે તપાસ હાથ ધરી હતી.પોલીસ ટીમે 'નેત્રમ' કમાન્ડ એન્ડ કંટ્રોલના સીસીટીવી ફૂટેજ ચકાસીને તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી શંકાસ્પદોની યાદી તૈયાર કરી હતી. જેમાં વિશાલ ઉર્ફે અજય મહેશભાઈ મકવાણા ઉ.વ. ૨૧, રહે.ગધેડીયા ફિલ્ડ, ફૂટપાથ પર, ભાવનગર તથા રવિભાઈ કિશોરભાઈ સોલંકી ઉ.વ. ૩૦, રહે.ચાવડીગેટ, પાવર હાઉસ બાજુમાં, ઝૂંપડપટ્ટી, ભાવનગર વાળની અટકાયત કરેલ અને કડક પૂછપરછ કરતા આરોપીઓએ પોતાની સંડોવણી કબૂલી લીધી હતી.પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી મુદ્દામાલ રિકવર કરવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપઘાતના દુષ્પ્રેરણ કરવાના ગુન્હામાં ફરાર આરોપી ઝડપાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર, પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સ્ટાફના માણસો નાશતા ફરતા આરોપીઓ વિષે હકીકત મેળવવા પ્રયત્નશીલ હતા દરમ્યાન બાતમીરાહે હકિકત મળેલ કે, ભાવનગર શહેર ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ આપઘાતનુ દુષ્પ્રેરણ કરવાના ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી " મેહુલ ઉર્ફે લાલાભાઇ રાજુભાઇ સાટીયા રહે.સરીતા સોસાયટી, ભાવનગરવાળો હાલ ભાવનગર શહેરમાં ઘોઘા સર્કલમાં બી.એમ. કોર્મસ સ્કુલના ગેઇટની બાજુમાં ઉભો છે અને તેણે શરીરે સફેદ કલરનો ડીઝાઇન વાળો શર્ટ તથા વાદળી કલરનું પેન્ટ પહેરેલ " હોવાની બાતમી મળેલ. જે બાતમી આધારે સ્ટાફના માણસો બાતમીવાળી જગ્યાએ જઇ હકીકતવાળા ઈસમની તપાસ કરતાં નાસતો-ફરતો



આરોપી મેહુલ ઉર્ફે લાલાભાઇ રાજુભાઇ સાટીયા ઉવ.૩૨ ધંધો.રીક્ષ ડ્રાઈવીગ રહે.પ્લોટ નં.૯૮/બી, શેરી નં.૦૭, સરીતા સોસાયટી, ભાવનગર વાળો હાજર મળી આવેલ. જેથી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ઘોઘારોડ પોલીસ સ્ટેશન સોપી આપેલ છે. આ કેસમાં અગાઉ ત્રણ આરોપી ઝડપાયા હતા.

# જૂની અદાવતની દાઝ રાખી યુવકને રસ્તામાં આંતરી શખ્સે ધમકી આપી

ભાવનગર,તા.૨૦

ગારીયાધારથી પરવડી રોડ પર ભંગાર લેવા જઈ રહેલા એક યુવકને રસ્તામાં આંતરી જૂના પોલીસ કેસની દાઝ રાખી ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગારીયાધારના પાલીતાણા રોડ પર રહેતા અને મજુરી કામ કરતા ઈમરાનભાઈ મહમ્મદભાઈ અગવાન ઉ.વ. ૩૮ ગત ૧૭ જૂનના રોજ સાંજે મોટરસાયકલ લઈને પરવડી ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી બાઇક લઈને આવેલા નદીમભાઈ કાદરભાઇ સેલોતે તેમને આંતર્યા હતા. વર્ષ ૨૦૨૪માં થયેલા એક ઝઘડાના પોલીસ કેસની દાઝ રાખી નદીમે "મારી સામે કેમ ડોળા કાઢે છે?" તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ઈમરાનભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા નદીમે આજે તને જીવતો નહી છોડું કહી બાઈક પાછળ દોડાવી પીછો કર્યો હતો. હુમલાખોરથી ગભરાયેલા ઈમરાનભાઈએ મુંબઈ રહેતા પોતાના મોટાભાઈને બોલાવી ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં નદીમ સેલોત વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નાગનેશ ગામે પરીણીત યુવતીનો આપઘાત પિયર પક્ષે દીકરીની હત્યા થઈ હોવાની શંકા વ્યક્ત કરી

બોટાદ,તા.૧૯

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાગનેશ ગામે ૨૮ વર્ષીય યુવતી તુલસીબેન ગોપાલભાઈ ભોજવીયાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. આ ઘટનાને પગલે યુવતીના પિયર પક્ષે દીકરીની હત્યા થઈ હોવાની શંકા વ્યક્ત કરી છે. રાણપુર પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે મળતી માહિતી મુજબ, તુલસીબેન ભોજવીયા ગત મોડી રાત્રીએ ગળેફાંસો ખાધો હતો. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મૃતક યુવતીને રાણપુર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.તુલસીબેન નાગનેશ ગામે શિવરાજભાઈ કાવિઠીયા સાથે મૈત્રી કરાર કરી રહેતા હતા. ચાર વર્ષ પહેલા ધંધુકા પાસેના ઉતળીયા ગામે તેમના લગ્ન થયા હતા અને તેમને અઢી વર્ષની એક દીકરી પણ છે.યુવતીના માતા-પિતાને આ બનાવની જાણ થતાં તેઓ રાણપુર સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા અને પોતાની દીકરીની હત્યા કરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી હતી. હાલ રાણપુર પોલીસ યુવતીએ આપઘાત કર્યો છે કે તેની હત્યા થઈ છે, તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

અનુ.પાના ૮નું શરૂ...

### બોરતળાવ ખાતે વિશેષ "આઈકોનિક

કચેરીઓ, ઔદ્યોગિક એકમો, વેપારી સંસ્થાઓ તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ યોગ અંગે જનજાગૃતિ અને સામૂહિક યોગાભ્યાસના કાર્યક્રમો યોજવામાં આવશે. ભાવનગર મહાનગરપાલિકા શહેરના તમામ નાગરિકોને આ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાઈ યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવી "સ્વસ્થ ભાવનગર – નિરોગી ભાવનગર"ના સંકલ્પને સાકાર બનાવવા તેમજ પર્યાવરણ સંરક્ષણના આ અભિયાનમાં સહભાગી બનવા અનુરોધ કરાયો છે.

### નિવૃત્ત વિસ્તરણ અધિકારી સાથે

૧૫ લાખ રૂપિયા પરત મેળવવા માટે રમેશનો વારંવાર સંપર્ક કર્યો હતો. પરંતુ, રમેશે આજદિન સુધી રૂપિયા કે ગેસના બાટલા પરત ન આપી ઓળવી લીધા હતા. અંતે પોતાની સાથે રૂા. ૧૫,૦૩,૦૦૦ની ગુનાહિત છેતરપિંડી થઈ હોવાનું જણાતા નિવૃત્ત અધિકારીએ રમેશ નાથાભાઈ વાહજડીયા વિરૂદ્ધ ધોરણસરની પોલીસ ફરિયાદ નોંધાવતા વલભીપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

### રૂવાપરી રોડ પર જુગારધામ ઉપર

રાઠોડ, જીગર રાઠોડ, વિશાલ વાજા, સંજય ઉર્ફ સંજુ રાઠોડ, રવિ પરમાર, વિજયસિંહ ગોહીલ અને હિતેષ ડાભીનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓના વ્યક્તિગત અંગજડતી તેમજ જુગારના પટમાંથી કુલ મળીને રૂા. ૧૧,૧૫૦ની રોકડા તેમજ ગંજીપાના કબ્જે કર્યા છે.આ તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી ઘોઘારોડ પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

**મુસ્લીમ મરણ (ભાવનગર)**

કુરેશી ઉમરભાઇનાં દિકરા મજીદભાઇ ઉંમરભાઇ કુરેશી ઉ.વ.૫૩નો તા.૧૯ ને શુક્રવાર ઇન્તકાલ થયેલ છે. તેવો સલીમભાઇ કુરેશીનાં નાનાભાઇ અને મ.અકબરભાઇ શબ્બીરભાઇના મોટાભાઇ થાય, તૌફીકભાઇ, સફરાજભાઇના પિતા થાય, મોહસીનભાઇ ઇકબાલભાઇનાં સસરા થાય.તમની જીયારત તા.૨૧ને રવિવારે સવારે ૮:૩૦ વાગે આદમીની મોતીતળાવ શેરી.નં.૩ કાદરી મસ્જીદમાં અને ઓરતોની બાપેસરા કુવા હોલમાં ઉપરનાં માળે સવારે ૧૦:૦૦ વાગે રાખેલ છે.


## ઓન લાઇન ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૪/૨૦૨૬-૨૭

### માર્ગ અને મકાન વિભાગ-જિલ્લા પંચાયત-ભાવનગર

કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ જીલ્લા પંચાયત ભાવનગર દ્વારા (ફોન. નં. ૦૨૭૮-૨૪૩૦૦૮-૨૪૨૨૫૪૮) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા નર્મદા, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ તરફથી માન્ય યાદીમાં નોધાયેલ ઈજારદાર પાસેથી ખાસ મરામત સદરના મંજુર થયેલના કુલ ૧ (એક) કામનું ટેન્ડર માંગવામાં આવેછે. જેની અંદાજી રકમ રૂ. ૩૧૩.00 લાખ છે.

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી મળશે. અને આ વેબસાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન મા.મ.પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી ખાતાની વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે. અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ટેન્ડરો તા.૨૯/૬/૨૦૨૬, સમય: ૧૮-00 સુધીમાં ઓન લાઈન રજુ કરવાનાં રહેશે.

માહિતી-ભાવ-૨૮૬/૨૬



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૯/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૬/૦૬/૧૯૬૩**

**શ્રી મોહમદઅફજલ નૂરમહમદ મકાની,**
**રહે. ૩૬, ખ્વાજા ગરીબ નવાઝ, જમનાકુંડ પાસે,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મોહમદઅફજલ નૂરમહમદ મકાનીએ તેમનો જન્મ તા.૧૬/૦૬/૧૯૬૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૮/૨૦૨૬**
**જન્મ તારીખ ૩૦/૧૧/૧૯૭૬**

**શ્રી ઈલીયાસ મુસાભાઈ એમદાણી,**
**રહે. ગલી નંબર ૬, પ્રભુદાસ તળાવ, મફતનગર,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈલીયાસ મુસાભાઈ એમદાણીએ તેમનો જન્મ તા.૩૦/૧૧/૧૯૭૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૭/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૬/૧૨/૧૯૭૭**

**શ્રી રૂકસાનાબેન મહમદરફીકભાઈ હમીદાણી,**
**રહે. બરફના કારખાના પાસે, રાણીકા,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રૂકસાનાબેન મહમદરફીકભાઈ હમીદાણીએ તેમના પુત્ર મહમદઅશરફ મહમદરફીક હમીદાણીનો જન્મ તા.૨૬/૧૨/૧૯૭૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૬/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૫/૦૬/૧૯૮૬**

**શ્રી હનીફભાઈ મુસ્તુફાભાઈ ઘાયલ,**
**રહે. ૩૦૧, મરજાન રેસીડેન્સી, શિશુવિહાર,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હનીફભાઈ મુસ્તુફાભાઈ ઘાયલએ તેમના ભાઈ સોયબ મુસ્તુફા ઘાયલનો જન્મ તા.૧૫/૦૬/૧૯૮૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૫/૨૦૨૬**
**જન્મ તારીખ ૩૦/૦૫/૧૯૬૦**

**શ્રી યાસ્મીન વલીમહમદ લાખાણી** W/O **અફજલભાઈ મકાણી,**
**રહે. વાણંદની વાડી, જમનાકુંડ,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી યાસ્મીન વલીમહમદ લાખાણીએ તેમનો જન્મ તા.૩૦/૦૫/૧૯૬૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૪/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૨/૧૨/૧૯૮૦**

**શ્રી ઈકબાલભાઈ હાજી ઉસ્માનભાઈ હમીદાણી,**
**રહે. પ્લોટ નં.૫૦૮/એફ, શિશુવિહાર સર્કલ પાસે,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈકબાલભાઈ હાજી ઉસ્માનભાઈ હમીદાણીએ તેમના પુત્રી નસીમા ઈકબાલભાઈ હમીદાણીનો જન્મ તા.૦૨/૧૨/૧૯૮૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૧૮/૨૦૨૬**
**જન્મ તારીખ ૩૦/૦૯/૧૯૭૩**

**શ્રી મિનાઝ અબ્દુલ્લાહભાઈ હમીદાણી** D/O **અબ્દુલસતારભાઈ ઘોઘાબોરી,**
**રહે. ૩૮૬/૪, બામવાળો ખાંચો, જમનાકુંડ,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મીનાજ અબ્દુલસતાર ઘોઘાબોરીએ તેમનો જન્મ તા.૩૦/૦૯/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૧૬/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૮/૦૫/૧૯૬૫**

**શ્રી આબિદભાઈ મજીદભાઈ કુરેશી,**
**રહે. બી એલ-૧૬, ધોબીની વાડી, જમનાકુંડ,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી આબિદભાઈ મજીદભાઈ કુરેશીએ તેમના ભાઈ અબ્દુલશમદ અબ્દુલમજીદ કુરેશીનો જન્મ તા.૨૮/૦૫/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૧૫/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૬/૦૭/૧૯૬૩**

**શ્રી આબિદભાઈ મજીદભાઈ કુરેશી,**
**રહે. બી એલ-૧૬, ધોબીની વાડી, જમનાકુંડ,**
**ભાવનગર. મો-૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી આબિદભાઈ મજીદભાઈ કુરેશીએ તેમના ભાઈ સલીમ અબ્દુલમજીદ કુરેશીનો જન્મ તા.૦૬/૦૭/૧૯૬૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**













## વિશ્વ યોગ દિવસ-૨૦૨૬ નિમિત્તે શહેર વ્યાપી યોગ કાર્યક્રમો

# બોરતળાવ ખાતે વિશેષ "આઈકોનિક યોગ કાર્યક્રમ"નું આયોજન

### સીદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે મંત્રીઓ, લોકપ્રતિનિધિઓ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા નાગરિકો સામૂહિક યોગાભ્યાસ કરશે

ભાવનગર,તા.૨૦

ભારત સરકારના આયુષ મંત્રાલય તથા ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માર્ગદર્શન હેઠળ ૧૨મા આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ–૨૦૨૬ની ઉજવણી નિમિત્તે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા "Yoga fro Healthy Ageing (યોગ દ્વારા તંદુરસ્ત વૃદ્ધાવસ્થા)" થીમ આધારિત વિવિધ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત મુખ્ય શહેરસ્તરીય કાર્યક્રમ તા. ૨૧ને, રવિવારના રોજ સવારે ૫:૩૦ કલાકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર રોડ, ભાવનગર ખાતે યોજાશે. કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીઓ, લોકપ્રતિનિધિઓ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી સામૂહિક યોગાભ્યાસ કરશે.

વિશ્વ યોગ દિવસની ઉજવણીને શહેરના દરેક ખૂણે પહોંચાડવાના હેતુથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ૧૩ વોર્ડમાં વોર્ડવાઈઝ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. દરેક વોર્ડમાં સ્થાનિક નાગરિકો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, રહેણાંક સોસાયટીઓ તથા વિવિધ સામાજિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે સામૂહિક યોગાભ્યાસ યોજાશે.

આ ઉપરાંત, વિશ્વ યોગ દિવસની ઉજવણીને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા માટે ભાવનગરના ઐતિહાસિક બોરતળાવ ખાતે વિશેષ "આઈકોનિક યોગ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવશે. કુદરતી અને મનોહર વાતાવરણ વચ્ચે યોજનારા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગસાધકો, રમત-ગમત ક્ષેત્રના પ્રતિનિધિઓ, વિવિધ સામાજિક સંસ્થાઓ, યુવાનો તથા નાગરિકો એકસાથે યોગાભ્યાસ કરશે. બોર તળાવના ઐતિહાસિક અને પર્યટન મહત્ત્વને ધ્યાનમાં રાખીને યોજનારો આ કાર્યક્રમ યોગના વૈશ્વિક સંદેશને વધુ વ્યાપક બનાવવાની સાથે ભાવનગર શહેરની આગવી ઓળખને પણ ઉજાગર કરશે.

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાનારા મુખ્ય કાર્યક્રમ, બોર તળાવ ખાતેના આઈકોનિક યોગ કાર્યક્રમ તેમજ શહેરના તમામ ૧૩ વોર્ડમાં આયોજિત યોગ કાર્યક્રમોના સ્થળોએ ઉપસ્થિત નાગરિકોને નિઃશુલ્ક રોપાઓનું વિતરણ કરવામાં આવશે. નાગરિકો વધુમાં વધુ સંખ્યામાં રોપાઓનું વાવેતર કરી હરિયાળા અને સ્વચ્છ ભાવનગરના નિર્માણમાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવે છે.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી અને ખાનગી (જુઓ પાનું ૬)≫

# આવતીકાલે યોગમય બનશે ભાવનગર શહેર-જિલ્લો

### સ્વસ્થ જીવન માટે યોગ' થીમ હેઠળ વિવિધ સ્થળોએ યોજાશે યોગ દિવસના કાર્યક્રમો, યોગાભ્યાસ, પ્રાણાયામ તથા વિવિધ યોગાસનોનું અપાશે માર્ગદર્શન

ભાવનગર,તા.૨૦

સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂનના રોજ ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં જિલ્લા તથા મહાનગરપાલિકા કક્ષાએ ભવ્ય યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યોગના માધ્યમથી સ્વસ્થ, સશક્ત અને સંતુલિત જીવનશૈલીનો સંદેશ જનજન સુધી પહોંચાડવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિતિ રહેશે.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને શિહોર તાલુકાના નંદ ફાર્મ, નવાગામ (કનિવાવ) ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે.તે જ રીતે, મેયર ઉષાબેન તલરેજાના અધ્યક્ષસ્થાને સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે મહાનગરપાલિકા કક્ષાનો યોગ દિવસ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ દરમિયાન યોગાભ્યાસ, પ્રાણાયામ તથા વિવિધ યોગાસનોનું માર્ગદર્શન આપવામાં આવશે.યોગના વૈજ્ઞાનિક અને આરોગ્યલક્ષી લાભો અંગે પણ ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવશે.આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી "Yoga fro Healthy Ageing" (સ્વસ્થ જીવન માટે યોગ) થીમ હેઠળ કરવામાં આવી રહી છે. આ થીમનો કેન્દ્રબિંદુ વધતી ઉંમર સાથે વ્યક્તિના શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને સશક્ત બનાવવા માટે યોગની અસરકારક ભૂમિકાને ઉજાગર કરવાનો છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ સ્વસ્થ સમાજ, સકારાત્મક જીવનદ્રષ્ટિ અને માનવજાતિના સર્વાંગી કલ્યાણ માટેનું જનઆંદોલન છે. યોગ દ્વારા તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા અને આરોગ્ય પ્રત્યે જાગૃત બનવાનો સંદેશ આ ઉજવણી મારફતે આપવામાં આવશે.જિલ્લા વહીવટીતંત્ર તથા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકો, યોગપ્રેમીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના આગેવાનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# નિવૃત્ત વિસ્તરણ અધિકારી સાથે ૧૫.૦૩ લાખની ઠગાઈ

### પુત્રની માનસિક બીમારી સાજી કરવાની લાલચ આપી ડ્રાઈવર મિત્ર જ નાણાં ઓળવી ગયો, વલ્લભીપુરના શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૨૦

શહેરના ચિત્રા વિસ્તારમાં રહેતા અને વલ્લભીપુર તાલુકા પંચાયતના નિવૃત્ત વિસ્તરણ અધિકારી મનીષભાઈ પ્રતાપભાઈ ત્રિવેદી ઉ.વ.૬૧ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ચોંકાવનારી ઘટના બની છે. અગાઉ ડ્રાઈવર તરીકે આવેલા અને બાદમાં મિત્ર બનેલા વલ્લભીપુરના એક શખ્સે નિવૃત્ત અધિકારીના માનસિક બીમાર પુત્રની સારવાર કરાવવાની લાલચ આપી કુલ રૂા. ૧૫,૦૩,૦૦૦ની ઠગાઈ આચરી હોવાની ફરિયાદ વલભીપુર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદની વિગત મુજબ, મનીષભાઈ વર્ષ ૨૦૧૯માં વલ્લભીપુર ખાતે ફરજ પર હતા ત્યારે તેમના માનસિક બીમાર પુત્ર ઉમંગની માનતા પૂરી કરવા રાજસ્થાનના સાવીદર ગામે કુળદેવીના દર્શને ગયા હતા. આ પ્રવાસ માટે ભાડે કરેલી ગાડીના ડ્રાઈવર તરીકે રમેશભાઈ નાથાભાઈ વાહજડીયા રહે. આશીર્વાદ ફૂલવાડી, વલ્લભીપુર આવ્યો હતો. ત્યારથી રમેશભાઈ સાથે પારિવારિક મિત્રતા થઈ હતી અને અવારનવાર નાણાકીય વ્યવહારો પણ થતા હતા ડિસેમ્બર ૨૦૨૦માં મનીષભાઈએ ભાવનગરના ઘોઘાસર્કલ પાસે આવેલું પોતાનું મકાન રૂા.૩૫.૫૦ લાખમાં વેચ્યું હતું. આ સોદા વખતે ખરીદદારે આપેલા નાણાંમાંથી રૂા. ૧૫,૦૦,૦૦૦ રોકડા રમેશ વાહજડીયાએ જોયા હતા. તેણે મનીષભાઈને વિશ્વાસમાં લઈ જણાવ્યું કે, "તમારા પુત્રની માનસિક બીમારી સાજી કરવા માટે આ રૂપિયા ખર્ચ થશે" તેમ કહી સારવારના બહાને આ રકમ પોતાની પાસે રાખી લીધી હતી. આ ઉપરાંત, તે ફરિયાદીના ઘરના રૂા. ૩,૦૦૦ની કિંમતના ગેસના ૨ ભરેલા સિલિન્ડર પણ વિશ્વાસમાં લઈ ગયો હતો.મકાનનો દસ્તાવેજ પૂરો થયા બાદ મનીષભાઈએ પોતાના (જુઓ પાનું ૬)≫

## શહેરમાં વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક, લોકો ભીંજાયા

**ભાવનગર શહેરમાં શુક્રવારે સાંજના સમયે દિવસભર ગોરંભાયેલા વાદળો વરસી પડ્યા હતા. જોત જોતામાં વરસાદના કારણે રસ્તાઓ પરથી પાણી નીકળી ગયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. સાંજના સમયે આવેલા વરસાદના કારણે વાહન લઈને નીકળતા લોકોએ ભીંજાવાનો આનંદ માણ્યો હતો.**



તસવીર : ધવલ વાજા

# રૂવાપરી રોડ પર જુગારધામ ઉપર પોલીસનો દરોડો: ૭ શખ્સો ઝબ્બે

### રોકડ રૂ.૧૧૧૫૦ સહીત મુદ્દામાલ જપ્ત કરતી ઘોઘારોડ પોલીસ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરના ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે રૂવાપરી રોડ પર ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર સફળ દરોડો પાડ્યો હતો.પોલીસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૭ ઈસમોને રોકડ રકમ અને ગંજીપાના સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. ભાવનગરના ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એન.દેસાઈના માર્ગદર્શન હેઠળ સ્ટાફ રાત્રે પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે રૂવાપરી રોડ, ઉલાસ ચોક પાસે આવેલા શંકરના મંદિર સામેની ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટલાઈટના અજવાળે કેટલાક ઈસમો ગંજીપાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે તુરંત જ બે પંચોને સાથે રાખી મધ્યરાત્રિએ કલાક ૦૦/૧૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ કોર્ડન કરીને રેઈડ કરી હતી.પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ઘેરો ઘાલીને સાતેય શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં મયુર ઉર્ફે બબલી (જુઓ પાનું ૬) ≫

# ગારીયાધારમાં કૌટુંબિક વિવાદમાં પતિએ પત્નીની નિર્મમ હત્યા કરી

ભાવનગર,તા.૨૦

ગારીયાધારના મફતનગર-બેલા રોડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક પતિએ પોતાની જ પત્નીની કુહાડીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી નાખી છે. આ ચકચારી બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે.મળતી માહિતી મુજબ, મૃતક મહિલાની ઓળખ ૨૫ વર્ષીય પાયલબેન વિજયભાઈ પરમાર તરીકે થઈ છે. પાયલબેન અને તેમના પતિના લગ્નને સાત વર્ષ જેટલો સમય થયો હતો, પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી કોઈ કારણોસર દંપતી એકબીજાથી અલગ રહેતું હતું. પ્રાથમિક અંદાજ મુજબ, કોઈ જૂના અંગત કે ઘરેલુ વિવાદને કારણે ઉશ્કેરાઈને પતિએ આ જીવલેણ હુમલો કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે.ઘટનાની જાણ થતાં જ ગારીયાધાર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે પાયલબેનના મૃતદેહને કબ્જે કરી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે હત્યારા પતિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આગળની સઘન તપાસ શરૂ કરી છે.

# રાજપરા ખોડીયાર મંદિરે સિક્યુરિટી ગાર્ડ પર હુમલો, કચરાપેટી અને લાકડી વડે યુવકને લોહીલુહાણ કર્યો

### રાત્રિના સમયે આંટા મારવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૨૦

પ્રસિદ્ધ યાત્રાધામ રાજપરા ખોડીયાર મંદિર ખાતે ફરજ બજાવતા એક સિક્યુરિટી ગાર્ડ પર રાત્રિના સમયે જીવલેણ હુમલો કરવાની ઘટના બની હતી.મંદિરમાં રાઉન્ડ મારી રહેલા ગાર્ડે એક શખ્સને રાત્રે ત્યાં ઊભા રહેવાની ના પાડતા મામલો બિચક્યો હતો અને શખ્સે લાકડી તેમજ લોખંડની કચરાપેટી વડે ગાર્ડને નિર્મમ પણે માર માર્યો હતો.

બનાવ અંગે મળતી માહિતી મુજબ, મૂળ જામનગરના અને હાલ ખોડીયાર મંદિરના ક્વાર્ટર્સમાં રહીને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા ગંભીરસિંહ નટુભા જાડેજા ઉ.વ.૪૯ગત રાત્રે ૧૦:૩૦ વાગ્યે મંદિરની પાછળ લાઈટો ચાલુ કરવા અને રાઉન્ડ મારવા ગયા હતા. આ દરમિયાન ત્યાં સ્થાનિક શખ્સ રાજેશ ભુપતભાઈ રાવળ આંટા મારતો હોવાથી ગંભીરસિંહે તેને ટોક્યો હતો અને રાત્રે અહીં રહેવાની મનાઈ હોવાનું કહી ચાલ્યા જવા જણાવ્યું હતું.આ સાંભળી ઉશ્કેરાયેલા રાજેશે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. ગંભીરસિંહે ગાળો બોલવાની ના પાડતા જ રાજેશે બાકડા પાસે પડેલી સ્ટીલની કચરાપેટી ઉપાડી ગંભીરસિંહના માથામાં ફટકારી દીધી હતી. ગાર્ડ નીચે પડી જતાં રાજેશે તેમની જ લાકડી પડાવી લીધી હતી અને માથા, બંને હાથ તથા પીઠના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા.ગાર્ડે બૂમાબૂમ કરતા અન્ય સિક્યુરિટી સ્ટાફ દોડી આવ્યો હતો, જેથી હુમલાખોર "હવે પછી અહીં દેખાયો તો જીવતો નહી રાખું" તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં ગંભીરસિંહને તાત્કાલિક સિહોર સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા, આ અંગે ભોગ બનનારે સિહોર પોલીસ સ્ટેશનમાં આરોપી રાજેશ રાવળ વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

